તા ૩૦.૧૦.૨૦૧૮

પ્રતિ

ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રી

ઉત્તર ........ ઝોન

પ્રોપર્ટી ટેક્ષ વિભાગ ઉત્તર ઝોન
ઈન્વર્ડ નંબર ......... ૧૦૮૬
ઈન્વર્ડ તારીખ ......... ૨/૧૧/૧૮
આઉટવર્ડ તારીખ .........

ટેક્ષ મધ્યસ્થ કચેરી
આઉટવર્ડ નં. ......... ૬૪૩
૩૦/૧૦/૧૮

વિષય: નવા પશ્ચિમઝોનની બે ભાગમાં વહેંચણી થતા નવા અસ્તિત્વમાં આવેલ (૧) દક્ષિણ-પશ્ચિમઝોન તથા (૨) ઉત્તર-પશ્ચિમઝોન ના Dy.M.C. શ્રીઓનો ટેક્ષ-કમિટીમાં સમાવેશ કરવા બાબત.

સંદર્ભ: મ્યુનિસિપલ કમિશનરશ્રીના ઓફિસ ઓર્ડર નં. ૧૮/૨૦૧૮-૧૯ તા. ૨૪.૧૦.૨૦૧૮

નવા પશ્ચિમઝોનની બે ભાગમાં વહેંચણી થતા નવા અસ્તિત્વમાં આવેલ (૧) દક્ષિણ-પશ્ચિમઝોન તથા (૨) ઉત્તર-પશ્ચિમઝોન ના Dy.M.C. શ્રીઓનો ટેક્ષ-કમિટીમાં સમાવેશ કરવા બાબતેના માનનીય મ્યુનિસિપલ કમિશનરશ્રીના ઓફિસ ઓર્ડર નં. ૧૮/૨૦૧૮-૧૯ તા. ૨૪.૧૦.૨૦૧૮ ની નકલ આ સાથે સામેલ છે, જે વંચાણે લેવા વિનંતી છે.

એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટર
ટેક્ષ મધ્યસ્થ કચેરી

બિડાણ: ઉપર મુજબ

AM I & II
ડે.શ્રી.જી (રેકર્ડ/ફાઈલ પર રાખવી.)
૨/૧૧/૧૮

એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટ

ઓફિસ ઓર્ડર નં.૨૮ ૨૦૧૮-૧૯ તા.૨૪/૧૦/૨૦૧૮

વિષય : નવા પશ્ચિમઝોનની બે ભાગમાં વહેચણી થતા નવા અસ્તિત્વમાં આવેલ (૧) દક્ષિણ-પશ્ચિમઝોન તથા (૨) ઉત્તર-પશ્ચિમઝોન ના **Dy.M.C.** શ્રીઓનો ટેક્ષ-કમિટીમાં સમાવેશ કરવા બાબત.

સંદર્ભ : (૧) એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ખાતાના ઓફિસ ઓર્ડર નં. ૧૨/૨૦૧૮-૧૯ તા. ૨૯.૦૮.૨૦૧૮

(૨) **G.D.Est No. I/2985** તા. ૩૧.૦૮.૨૦૧૮.

<u>પ્રસ્તાવના :-</u>

- એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ખાતાના ઓફિસ ઓર્ડર નં. ૧૨/૨૦૧૮-૧૯ તા. ૨૯.૦૮.૨૦૧૮ અન્વયે ટેક્ષ ખાતાના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને પ્રોપર્ટી ટેક્ષ કમી કરવા પાવર્સ ડેલીગેટ કરવામાં આવેલ હતા.

- સેન્ટ્રલ ઓફિસના **G.D.Est No. I/2985** તા. ૩૧.૦૮.૨૦૧૮ અન્વયે નવા પશ્ચિમઝોનની બે ભાગમાં વહેંચણી થતા (૧) દક્ષિણ-પશ્ચિમઝોન તથા (૨) ઉત્તર-પશ્ચિમઝોન એમ (બે) નવા ઝોન અસ્તિત્વમાં આવેલ હોઇ, સદર બંને ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રીઓનો ટેક્ષ કમિટીમાં સમાવેશ કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ :-</u>

- જો કોઇપણ મિલકતનો પ્રોપર્ટી ટેક્ષ **રૂ. ૭,૦૦,૦૦૧/- થી રૂ. ૨૦,૦૦,૦૦૦/-** (વીસ લાખ) **સુધી** કમી થતો હશે તો જે તે ઝોનના ડેપ્યુટી એસેસર અને ટેક્ષ કલેકટરશ્રી + Dy.A.T.C ની કમિટી + A.T.C એ અરજીની ચકાસણી કરી **Dy.M.C. શ્રીઓની કમિટી સમક્ષ** ભલામણસહ ફાઇલ રજુ કરવાની રહેશે. **સદરહું કમિટીના <u>કુલ ૪ (ચાર)</u> અધિકારીશ્રીઓ પૈકી <u>ઓછામાં ઓછા ૨ (બે)</u> Dy.M.C. શ્રીઓ + Dy.M.C. (Tax) મળી <u>કુલ ૩(ત્રણ)</u> અધિકારીશ્રીઓએ તે અંગે અંતિમ નિર્ણય લેવાનો રહેશે.**

**Dy.M.C. શ્રીઓની નવી કમિટીમાં સમાવિષ્ઠ થતા અધિકારીશ્રીઓની યાદી નીચે મુજબ છે.**

| સબંધિત ઝોનની ફાઇલ | Dy.M.C શ્રીઓની જુની કમિટી | Dy.M.C શ્રીઓની નવી કમિટી |
|---|---|---|
| મધ્યઝોન (CZ) | Dy.M.C (CZ) + (SZ) + (EZ)+(FINANCE)+(TAX) | Dy.M.C (CZ) + (WZ) + (EZ) + (TAX) |
| ઉત્તરઝોન (NZ) | Dy.M.C (NZ) + (EZ) + (NWZ)+(FINANCE)+(TAX) | Dy.M.C (NZ) + (EZ) + (SZ) + (TAX) |
| દક્ષિણઝોન (SZ) | Dy.M.C (SZ) + (CZ) + (NZ)+(FINANCE)+(TAX) | Dy.M.C (SZ) + (CZ) + (NZ) + (TAX) |
| પુર્વઝોન (EZ) | Dy.M.C (EZ)+(NZ)+(WZ)+ (FINANCE)+(TAX) | Dy.M.C (EZ) + (NZ) + (SZ) + (TAX) |
| પશ્ચિમઝોન (WZ) | Dy.M.C (WZ) + (NWZ) + (CZ)+(FINANCE)+(TAX) | Dy.M.C (WZ) + (N-WZ) + (S-WZ) + (TAX) |
| દક્ષિણ-પશ્ચિમઝોન (S-WZ) | ----- | Dy.M.C (S-WZ) + (N-WZ) + (CZ) + (TAX) |
| ઉત્તર-પશ્ચિમઝોન (N-WZ) | ----- | Dy.M.C (N-WZ) + (S-WZ) + (WZ) + (TAX) |

આ હુકમનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

**મ્યુનિસિપલ કમિશનર**

પ્રોપર્ટી ટેક્ષ વિભાગ ઉત્તર ઝોન
ઈનવર્ડ નંબર ....763....
ઈનવર્ડ તારીખ ....27-9-19....
આઉટવર્ડ તારીખ ..................

એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટ
તા. ૨૫.૦૯.૨૦૧૮

પ્રતિ,
ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રી
ઉત્તરઝોન/ દક્ષિણઝોન/ પુર્વઝોન/ પશ્ચિમઝોન/
મધ્યઝોન/ ઉત્તર-પશ્ચિમઝોન/ દક્ષિણ-પશ્ચિમઝોન.

ટેક્ષ મધ્યસ્થ કચેરી
ઈનવર્ડ નં. 519
તારીખ ....................
26.9.18

વિષય : પ્રોપર્ટી ટેક્ષ કમી કરવાની સત્તા-મર્યાદામાં વધારો કરવા બાબત.
સંદર્ભ : મ્યુનિસિપલ કમિશનરશ્રીના ઓફિસ ઓર્ડર નં. ૧૨/૨૦૧૮-૧૯ તા. ૨૯.૦૮.૨૦૧૮

પ્રોપર્ટી ટેક્ષ કમી કરવાની સત્તા-મર્યાદામાં વધારો કરવા બાબતેના માનનીય મ્યુનિસિપલ કમિશનરશ્રીના ઓફિસ ઓર્ડર નં. ૧૨/૨૦૧૮-૧૯ તા. ૨૯.૦૮.૨૦૧૮ ની નકલ આ સાથે સામેલ છે, જે વંચાણે લેવા વિનંતી છે.

(સહી) 
એસેસર એન્ડ ટેક્ષ કલેકટર
ટેક્ષ મધ્યસ્થ કચેરી

બિડાણ : ઉપર મુજબ

એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટ

ઓફિસ ઓર્ડર નં.૧૨ ૨૦૧૮-૧૯ તા.૨૯/૦૮/૨૦૧૮

વિષય : પ્રોપર્ટી ટેક્ષ કમી કરવાની સત્તા-મર્યાદામાં વધારો કરવા બાબત.

સંદર્ભ : (૧) એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ખાતાના ઓફિસ ઓર્ડર નં. ૨૦/૨૦૧૬-૧૭ તા. ૧૫.૧૦.૨૦૧૬.
(૨) એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ખાતાના ઓફિસ ઓર્ડર નં. ૩૫/૨૦૧૬-૧૭ તા. ૨૩.૦૨.૨૦૧૭.
(૩) **G.D.Est No. I/2930** તા. ૨૬.૦૭.૨૦૧૮.

<u>પ્રસ્તાવના :-</u>

- એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ખાતાના ઓફિસ ઓર્ડર નં. ૨૦/૨૦૧૬-૧૭ તા. ૧૫.૧૦.૨૦૧૬ તથા ઓફિસ ઓર્ડર નં. ૩૫/૨૦૧૬-૧૭ તા.૨૩.૦૨.૨૦૧૭ અન્વયે ટેક્ષ ખાતાના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને પ્રોપર્ટી ટેક્ષ કમી કરવા પાવર્સ ડેલીગેટ કરવામાં આવેલ હતા, જેમાં ઝોનલ આસી. મ્યુનિ. કમિશનરશ્રીઓને નીચે દર્શાવ્યા મુજબના પાવર્સ ડેલીગેટ થયેલ હતા.

    - જો કોઈપણ મિલકતનો પ્રોપટી ટેક્ષ રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) સુધી કમી થતો હશે તો જે તે ઝોનના ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીએ Dy.A.T.C ની કમિટી (ઓછામાં ઓછા ત્રણ **Dy.A.T.C + A.T.C**) મારફતે જે તે ઝોનના આસી. મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ ફાઈલ રજુ કરવાની રહેશે. જે તે ઝોનના **A.M.C.** શ્રીએ તે અંગેનો અંતિમ નિર્ણય લેવાનો રહેશે.

- સેન્ટ્રલ ઓફિસના **G.D.Est No. I/2930** તા. ૨૬.૦૭.૨૦૧૮ અન્વયે આસી. મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને ટેક્ષ વિભાગની કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

- ઝોનલ આસી. મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને ટેક્ષ વિભાગની કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવેલ હોય ટેક્ષ ખાતાના અધિકારીશ્રીઓના પ્રોપર્ટી ટેક્ષ કમી કરવા બાબતના પાવર્સ રીવાઇઝ કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ :-</u>

(૧) જો કોઈપણ મિલકતનો પ્રોપર્ટી ટેક્ષ રૂા.૨૫,૦૦૦/- ( પચીસ હજાર) સુધી કમી થતો હશે તો જે તે ઝોનના આસી. મેનેજરશ્રીએ તે અંગે અંતિમ નિર્ણય લેવાનો રહેશે.

(૨) જો કોઈપણ મિલકતનો પ્રોપર્ટી ટેક્ષ રૂા.૧,૦૦,,૦૦૦/- (એક લાખ) સુધી કમી થતો હશે તો જે તે ઝોનના ડેપ્યુટી એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીએ તે અંગે અંતિમ નિર્ણય લેવાનો રહેશે.